


## ધનસુરાના ખડોલ ગામે સતત વરસતા વરસાદના ભેજથી મકાન ધરાશાયી થતા નુકશાન

અરવલ્લી જીલ્લામાં સતત ત્રણ દિવસથી મેઘરાજા મહેરબાન થતા ભૂમિપુત્રો અને જીલ્લાવાસીઓમાં હૈયે હાશકારો અનુભવ્યો હતો. બીજીબાજુ વરસતો વરસાદ કેટલાક લોકો માટે આફતરૂપી બની રહ્યો છે. ધનસુરા પંથકમાં ખાબકેલા ભારે વરસાદના પગલે તાલુકાના ખડોલ ગામે ભેજથી મકાન ધરાશાઈ થતા ઘરમાં રહેલો માલસામાન દટાઈ જતા ગરીબ પરિવારના માથે આભ તૂટી પડ્યું હતું. સદનસીબે મકાન ધરાશાયી ઘટનામાં પરિવારજનોનો આબાદ બચાવ થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. ધનસુરા પંથકમાં જીલ્લામાં સૌથી વધુ વરસાદ ખાબકતા જનજીવન પ્રભાવિત બન્યું હતું. ધનસુરાના જનતાનગર વિસ્તારમાં લોકોના ઘરોમાં પાણી ભરાઈ જતા ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ધનસુરા તાલુકાના ખડોલ ગામના ચમાર ફળિયામાં રહેતા ગોવિંદભાઈ ચમારનું મકાન ભેજના લીધે ધરાશાઈ થતા કાટમાળમાં ફેરવાયું હતું. સદનસીબે પરિવારજનોએ સમયસૂચકતા દાખવી બહાર દોડી આવતા આબાદ બચાવ થયો હતો. ઘર ધરાશાયી થતા ઘરમાં રહેલું રાચરચીલું અને ઘરવખરી સહીત અન્ય માલસામાન દબાઈ જતા ગરીબ પરિવાર પર આભ તૂટી પડતા નિસહાય બન્યો હતો. ગરીબ પરિવારને મકાન તૂટી પડતા જવાબદાર તંત્ર દ્વારા સર્વે કરી ઝડપથી યોગ્ય સહાયની રકમની ચુકવણી કરવામાં આવેની માંગ લોકોએ કરી હતી.

# સ્વમાનનગર વિસ્તારના મુખ્ય માર્ગો પર વરસાદી પાણી ભરાયા

રહીશો અને શાળાએ જતા ભુલકાઓને ઢીંચણ સમા પાણીમાં થઈને પસાર થવું પડતું હોઈ લોકો ત્રાહિમામ. પાલનપુરના ધનિયાણા ચોકડી નજીક આવેલા સ્વમાન નગરમાં જવાના મુખ્ય માર્ગ પર પ્રથમ વરસાદમાં જ ઢીંચણસમા પાણી ભરાઈ જતાં સોસાયટીના રહીશો તેમજ તેમના બાળકોને માર્ગેથી પસાર થવું ભારે મુશ્કેલ બન્યું છે. ત્યારે ત્રાહિમામ પોકારી ઉઠેલા લોકો પાણીના નિકાલની માંગ કરી રહ્યા છે.

પાલનપુરમાં મેઘો મહેરબાન થતા ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે. તેમાં નીચાણવાળા વિસ્તારોમાં તો બેટ જેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે પાલનપુરના ધનિયાણા ચોકડી નજીક આવેલા સ્વમાનનગરમાં આવેલી સોસાયટીઓમાં રહેતા રહીશો મુખ્ય માર્ગ પર પાણી ભરાઈ જતાં મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે તેમના બાળકોને શાળાએ જવું પણ મુશ્કેલ બની ગયુ છે. આ વિસ્તારમાં બાલાજી રેસિડેન્સી, શુભ રેસીડેન્સી, ક્રિષ્ના સોસાયટી સહિતની સોસાયટીઓ આવેલી છે. જે રહીશોના બાળકોને ઢીંચણસમા પાણીમાં થઈને શાળાએ પણ જવું પડતું હોય ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અને આ વિસ્તારના રહીશોને કામધંધે જવું હોય તો પણ પાણીમાં થઈને પસાર થવું પડતું હોય ઘણીવાર વાહનો પણ ફસાઈ જાય છે અને લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે. ત્યારે આ વિસ્તારમાં અનુસૂચિત જાતિના લોકોનુ વસવાટ નું પ્રમાણ વધુ હોઈ અનુસૂચિત જાતિના લોકોને નાણાં ખર્ચવા છતાં બિલ્ડરો દ્વારા જે સોસાયટી બનાવવામાં આવી છે તેનો મુખ્ય માર્ગ આવી હાલતમાં છોડી દેવાતાં ભારે મુશ્કેલી ભોગવવાનો વારો આવ્યો છે.

## કોમર્સ કોલેજ, મોડાસાનું ગૌરવ

મોડાસા, તા. ૨૨

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, મોડાસા સંચાલિત શ્રી એચ.એસ. શાહ કોલેજ ઓફ કોમર્સ, મોડાસાની બી.કોમ. સેમિસ્ટર-પમાં



અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ. નાગદાસના અબ્દુલલતીફની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના કુલપતિ દ્વારા યુનિવર્સિટી કોર્ટમાં સેનેટ સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવી છે. આ સિદ્ધિ કોલેજ પરિવાર તથા સમગ્ર અરવલ્લી જિલ્લા માટે ગૌરવની બાબત છે. કોલેજ તથા અરવલ્લી જિલ્લાનું ગૌરવ વધારવા બદલ આચાર્ય ડૉ. સુધીર જોષી, કોલેજ પરિવાર, કેળવણી મંડળના પ્રમુખ નવિનચંદ્ર મોદી, માનદ્‌મંત્રી સુભાષભાઈ શાહ તથા હોદ્દેદારોએ વિદ્યાર્થીનીને અભિનંદન પાઠવ્યા હતા.

# મેઘરજની બેંક ઓફ બરોડાના બેંક મેનેજરે અને એજન્ટે ગ્રાહકો સાથે મળી ૫૪.૯૫ લાખની છેતરપીંડી કર્યાની રાવ

મેઘરજ, તા. ૨૨

અરવલ્લી જીલ્લાના મેઘરજ નગરમાં આવેલ બેંક ઓફ બરોડાના બેંક મેનેજરે અને તેમના દ્વારા બનાવેલ એજન્ટે મેઘરજ તાલુકાના પાંચ ઈસમોના નામે લોનના નામે બારોબાર રૂ. ૫૪.૯૫ લાખ રૂપિયા ઉપાડી લેતા ભોગ બનનાર ઈસમોએ મેઘરજ પોલીસને લેખીતમાં જાણ કરી હતી પરંતુ મેઘરજ પોલીસે ફરીયાદ રજીસ્ટર ન કરતા ભોગ બનનારે ગુજરાત હાઈકોર્ટનો આશરો લેતા ગુજરાત હાઈકોર્ટે ચાર સપ્તાહમાં બેંક મેનેજર અને એજન્ટ વિરૂધ્ધ ફરીયાદ નોંધવા હુકમ કરતા ચકચાર મચી જવા પામી છે.

મેઘરજ નગરમાં આવેલ બેંક ઓફ બરોડાના બેંક મેનેજરે અને એજન્ટે ફર્નિચરના એક વેપારી પાસે લોન આપવાના હેતુથી લોન કરવા આપેલ સહી સિક્કાવાળા કોરા લેટરપેડ અને સહીવાળા કોરા ચેકનો ખોટો દુર ઉપયોગ કરી અલગ અલગ પાંચ ઈસમોના નામે લોન કરી બારોબાર લોનની રકમ ઉપાડી લેતા અરજદારોને પોતાના સાથે છેતરપીંડી થયુ હોવાનુ માલુમ પડતાં ભોગ બનનાર ઈસમોએ તા.૨૪ જુન ૨૦૧૮ના રોજ મેઘરજ પોલીસને બેંક મેનેજર અને અજન્ટ વિરૂધ્ધ લેખીતમાં જાણ કરી હતી. પરંતુ મેઘરજ પોલીસે કાયદેસર ફરીયાદ રજીસ્ટર ન કરતા ભોગ બનનાર ઈસમે ગુજરાત હાઈકોર્ટનો સહારો લીધો હતો અને હાઈકોર્ટે ફરીયાદની વિગત તપાસી ચાર સપ્તાહમાં બેંક મેનેજર અને એજન્ટ વિરૂધ્ધ કાયદેસર ફરીયાદ નોંધવા મેઘરજ પોલીસને ગુજરાત હાઈકોર્ટે આદેશ કર્યો છે.

### ભોગ બનનાર વેપારી શું કહે છે

આ અંગે ભોગ બનનાર ઈસમનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યુ હતુ કે મે બેંક ઓફ બરોડામાં લોનની માગણી કરી હતી તે દરમિયાન બેંક મેનેજરે જણાવ્યૂ હતુ કે અમો સીધી લોન નથી કરતા અમારા એજન્ટને સાથે લઈને આવવુ જેથી અમો એજન્ટ સાથે બેંકમાં જઈ લોનનુ ફોર્મ ભર્યુ હતુ અને આપવાના થતા ડોક્યુમેન્ટ સહિ કરેલા કોરા ચેક અને કોરા લેટરપેડ આપ્યા હતા અને મારા જાણ બહાર મારા લેટરપેડથી અન્ય ઈસમોના નામે મૂદ્રા લોન કરી મારા સહીવાળા ચેકથી બારોબાર રકમ ઉપાડી લીધી છે જે અંગે કાયદેસરની તપાસ થાય તેવી અમારી માંગ છે.

## માલણ નજીક વૃક્ષ ધરાશાયી

પાલનપુર, તા. ૨૨

પાલનપુર તાલુકાના માલણ ગામે ગામમાં પ્રવેશવા માટેનો મુખ્ય માર્ગ અંબાજી માતાજીના મંદિર પાસે પાણીના બોર પાસે ઉભેલું બાવળનું વૃક્ષ વરસાદમાં ધરાશાયી થઈ ગયુ હતુ.



રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ ઓરી-રૂબેલા રસીકરણ અંતર્ગત તલોદ તાલુકામાં માત્ર ૭ દિવસમાં ૬૪ પ્રાથમિક શાળાઓને આવરી લઈ આરોગ્ય વિભાગની ૯૫ ટીમોએ કુલ ૧૧૮૮૦ બાળકોને સફળતાપૂર્વક એમઆર રસી આપી હતી. આ તમામ બાળકો પૈકી એક પણ બાળકને કોઈ ગંભીર આડઅસર થવા પામી નથી. તલોદ તાલુકામાં ૯ માસથી ૧૫ વર્ષ સુધીના કુલ ૪૨૭૦૧ બાળકોને રસીકરણમાં આવરી લેવાનો લક્ષ્યાંક છે.

## અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીનો કર્મચારી પ્રાઈવેટ ટ્યૂશન ક્લાસીસ ચલાવતો હોવાની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન

મોડાસા, તા. ૨૨

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના પરિપત્ર મુજબ સરકારી કે અર્ધસરકારી અનુદાન મેળવતી શાળાઓ કે ખાનગી શાળાઓમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા કોઈ પણ શિક્ષક ખાનગી ટ્યૂશન ચલાવી શકાશે નહિ અથવા તો ખાનગી ટ્યૂશન ક્લાસમાં પોતાની સેવાઓ આપી શકશે નહિની અમલવારી કરવાની જેના માથે જવાદારી છે તે જ કચેરીનો કર્મચારી સરકારી પરિપત્રનો ઉલાળિયો કરી રહ્યો હોય તેવી ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની છે. અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીમાં ફરજ બજાવતો કર્મચારી મોડાસાના માલપુર રોડ પર આવેલી દીવાની અને ફોજદારી કોર્ટની બાજુમાં આવેલા કોમ્પ્લેક્ષમાં ટ્યૂશન ક્લાસીસના બેનરના ઓથા હેઠળ એક લઘુમતી સમાજના ખાનગી શાળાના શિક્ષક સાથે મળી ટ્યૂશન કરાવતો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. આ કર્મચારીના ટ્યૂશન ક્લાસીસમાં ક્લાસ લેતા હોવાની વાત જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના કાન સુધી પહોંચી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.



આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, મોડાસાના માલપુર રોડ પર આવેલા ન્યાય મંદિર નજીકના કોમ્પ્લેક્સમાં ત્રીજા માળે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીમાં ફરજ બજાવતો કર્મચારી લઘુમતી સમાજના ખાનગી શાળાના શિક્ષકના ટ્યૂશન ક્લાસીસમાં સાથે મળી ધોરણ-૮ થી ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ ને સામાજિક વિજ્ઞાન અને અંગ્રેજી વિષયનું ટ્યૂશન કરાવતો હોવાની ચર્ચાથી શિક્ષણ આલમમાં ચકચાર મચી છે. બીજી બાજુ જીલ્લામાં બિલાડીના ટોપની જેમ ઠેર ઠેર ટ્યૂશન ક્લાસીસમાં ખાનગી શાળાના શિક્ષકો અને શાળા સંકુલમાં અને શિક્ષકના રહેઠાણે અથવા ભાડે મકાન કે દુકાન રાખી ટ્યૂશનનો ગેરકસયદેસર કાળો બજાર ચલાવી રહેલા શિક્ષકો ગરીબ વિદ્યાર્થીઓને અન્યાય કરી રહ્યા છે ત્યારે જેના માથે આવા શિક્ષકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની જવાબદારી છે તેજ કચેરીમાં ફરજ બજાવતો કર્મચારી ખાનગી ટ્યૂશન ક્લાસીસમાં ક્લાસ લેતો હોવાથી "વાડ જ ચિભળા ગળ્યા હોય" તેવો ઘાટ સર્જાયો છે. જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીનો કર્મચારી જ ખાનગી ટ્યૂશન ક્લાસીસમાં ક્લાસ લેવા જતો હોવાથી જિલ્લાની ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ અને ખાનગી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષકો બિન્દાસ્ત બન્યા છે ત્યારે કાયદાની અમલવારી કરનાર કચેરીનોજ કર્મચારી કાયદાનું સરેઆમ ઉલ્લઘન કરતો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીનો કર્મચારી કે પછી અધિકારી કક્ષાનો કર્મચારી ખાનગી ટ્યૂશન ક્લાસીસમાં ક્લાસ લેવા જતો હોવાની વાત કાને પહોંચી હોવાનું જાણવા મળ્યું હતું ત્યારે જીલ્લામાં ટોક ઓફ ધી ટાઉન બનેલી ચર્ચા અંગે નિષ્પક્ષ તપાસ કરે અને ચર્ચા પ્રમાણે તથ્ય બહાર આવે તો કસુવાર કર્મચારી સામે યોગ્ય શિક્ષાત્મક પગલાં ભરવામાં આવશે કે નહિ ? તેવું શિક્ષણ જગતમાં ચર્ચાઈ રહ્યું છે.

## કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલમાં ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમ યોજાયો

અરવલ્લીના વિદ્યાનગરી ગણાતા મોડાસાની કે.એન. શાહ, મોડાસા હાઈસ્કૂલમાં ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમ યોજાયો હતો. ૩ ડોક્ટર્સ, ૭ એફ.એચ.ડબલ્યુ, ૨ એમ.પી.એચ.ડબલ્યુ, ૨૧ સ્વયંસેવિકાઓ હાજર રહી ધોરણ ૬ થી ૧૦ના પંદર વર્ષ નીચેની વયના બાળકો, વિદ્યાર્થીઓને રસી આપવામાં આવી હતી. સદર કાર્યક્રમ આચાર્ય એમ.આઈ. જોષી, સુપરવાઈઝર કે.એન. ખાંટ તથા ચંદ્રિકાબેન વાળંદના માર્ગદર્શન હેઠળ તથા ડૉ. સંદીપ ઉપાધ્યાય, ડૉ. વિપુલ પટેલ તથા ડૉ. અર્પિતા પ્રજાપતિના ઓબ્ઝર્વેશન હેઠળ સફળ રીતે પાર પાડવામાં આવ્યા હતા. જેમાં સંપૂર્ણ સ્ટાફે ભારે જહેમત ઉઠાવેલ હતી.

# આર્ટસ કોલેજ મોડાસા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૨૨

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ.કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ.એમ. આર્ટસ કોલેજ મોડાસામાં એન.એસ.એસ. તથા એન.સી.સી.ના તથા મોડાસા નગરપાલીકાના સંયુક્ત ઉપક્રમે કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં મોડાસા નગરપાલિકાના પ્રમુખ અને મ.લા. ગાંધી ઉ.કે. મંડળના ઉપપ્રમુખ સુભાષભાઈ શાહ તથા ચીફ ઓફિસર પારેખભાઈ, પ્રભારી મંત્રી મહેન્દ્રભાઈ વી. શાહ, આચાર્ય ડૉ. દિપક જોષી, નિકેશભાઈ પરમાર તથા સ્વંયસેવકોની ઉપસ્થિતિમાં ૧૦૫ જેટલા વિવિધ જાતના રોપાઓ રોપી પર્યાવરણ બચાવવા માટેના સંકલ્પ લીધા હતા. સાથે એક વૃક્ષ અને જીવન બચાવોના આશયથી સ્વયંસેવકોએ શેરીઓ તથા ગામડામાં પણ વૃક્ષો વાવો અને પર્યાવરણ બચાવોનો પ્રચાર કર્યો હતો. પ્રમુખ નવીનચંદ્ર આર. મોદીએ કાર્યક્રમની શુભેચ્છા આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. એમ.બી. દેશમુખ તથા ડૉ. દિગ્ગજ શાહ, પ્રા. રાકેશભાઈ મહેતા, પ્રા. રાહુલ પટેલે ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમની સફળતામાં કોલેજ પરિવાર તથા મોટી સંખ્યામાં સ્વયંસેવક ભાઈ બહેનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




## પાલનપુરના સાત સંચા વિસ્તારમાં જુગાર રમતા આઠ શકુનિઓ ઝડપાયા

એલસીબીની ટીમે રૂપિયા ૩૧૪૦નો મુદ્દામાલ કબ્જે લીધો

પાલનપુરના સાતસંચા વિસ્તારમાં જુગાર રમતો હોવાની બાતમીના આધારે એલસીબીની ટીમે ઓચિંતી રેડ કરી હતી. જ્યાં બંધ મકાનમાં જુગાર રમતા આઠ શકુનિઓને ઝડપી લેવાયા હતા. જેમની પાસેથી જુગાર રમવાનું સાહિત્ય સહિત રોકડ રકમ મળી કુલ ૩૧૪૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

પાલનપુરના સાતસંચા વિસ્તારમાં જુગાર રમતો હોવાની બાતમીના આધારે એલસીબી પીઆઈ જે. એચ. સિંઘવ સહિતના સ્ટાફે બંધ મકાનમાં ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાંથી આઠ શકુનિઓને ઝડપી લેવાયા હતા. જેમની પાસેથી જુગાર રમવાનું સાહિત્ય સહિત રોકડ રકમ મળી કુલ ૩૧૪૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

(૧) યુસુફભાઈ ઉસ્માનભાઈ બેહલીમ (રહે.સાચસંચા, જમાદાર વાસ,પાલનપુર)
(૨) ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ સલાવટ (રહે.જુના ડાયરા,પાલનપુર)
(૩) ઈસ્માઈલભાઈ રસુલભાઈ બેહલીમ (રહે.નાનીબજાર,પાલનપુર)
(૪) અરસદખાન નિજામખાન પઠાણ (રહે.નાનીબજાર,પાલનપુર)
(૫) ઈમરાન નબુમીયા રાઠોડ (રહે.નાનીબજાર,પાલનપુર)
(૬) ઐયુબભાઈ ગુલાબભાઈ નાગોરી (રહે.નાનીબજાર,પાલનપુર)
(૭) ઐયુબભાઈ બસીરહુસેન સિન્ધી (રહે.કચોરી ફળી, પાલનપુર)
(૮) મહંમદભાઈ અમીરભાઈ સિપાઈ (રહે.મસ્જીદ પાસે,નાનીબજાર,પાલનપુર)

## ચેન્નાઇની ઘટનાને વખોડી કાઢતા

# પાલનપુરમાં મૂકબધીર બાળકોએ કર્યું વિરોધ પ્રદર્શન

ચેન્નાઈમાં મૂકબધીર બાળકી સાથે બનેલી ઘટનાને સમગ્ર દેશમાં વખોડવામાં આવી રહી છે. ત્યારે પાલનપુરમાં પણ મૂકબધીર મંડળ દ્વારા બેનરો દર્શાવી ઉગ્ર વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમજ ઈન્ડિયન સાઈન લેંગ્વેજ બીલની માંગ કરવામાં આવી હતી.

ચેન્નાઈમાં મૂકબધીર બાળકી સાથે બનેલી ઘટનાને સમગ્ર દેશમાં વખોડવામાં આવી રહી છે. ત્યારે પાલનપુરમાં પણ મૂકબધીર મંડળ દ્વારા બેનરો દર્શાવી ઉગ્ર વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમજ ઈન્ડિયન સાઈન લેંગ્વેજ બીલની માંગ કરવામાં આવી હતી. આ અંગે અખબારી યાદીમાં તેમણે જણાવ્યું હતું કે, ચેન્નાઈની બધિર બાળા ૧૨ વર્ષની છે. તેના ઉપર થયેલા દુષ્કર્મથી ડર, આઘાતને લીધે મગજમાં શૂન્યાવકાશ પેદા થતાં જલ્દીથી કોઈને જણાવી શકી ન હતી. મોડે મોડે જાણ થાય ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. ત્યારે આ કિસ્સામાં નરાધમો સામે કડક કાર્યવાહી કરી સખ્ત સજા કરવી જોઈએ.

# અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ઈન્દ્રપુરા ગામના વિદ્યાર્થીનું મોત નિપજ્યું

## ઓરી રૂબેલા રસીકરણ કર્યા બાદ માસુમ વિદ્યાર્થી બાળકનું મોત નિપજ્યું પરિવારજનોનું હૈયાંફાટ રૂદન

ભિલોડા, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં આવેલી વાઘેશ્વરી પ્રાથમિક શાળાના ધોરણ- ૨માં ભણતાં એક બાળકને શાળામાં રુબેલા ઓરીની રસી અપાયા બાદ તબિયત બગડી હતી જેનું સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારે રુબેલા ઓરીની રસી અપાયાથી મોત થયું હોવાનો કરાયો આક્ષેપ. આરોગ્ય વિભાગે પોતાનો લુલો બચાવ કરતાં મોત અન્ય કારણસર થયું હોવાનું જણાવ્યું હતું.

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં ૧ થી ૧૫ વર્ષના બાળકોને રુબેલા ઓરી રસી આપવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ આરોગ્ય વિભાગ દ્વારા રુબેલા ઓરીની રસીકરણની ઝુંબેશ હાથ ધરાઈ છે. જિલ્લાના ભિલોડા તાલુકામા આવેલી વાઘેશ્વરી પ્રાથમિક શાળાના બાળકોને રુબેલા ઓરી રસી અપાઈ હતી. શાળામાં રસી અપાયા બાદ શાળામાં ભણતા ઈન્દ્રપુરા ગામના ૭ વર્ષીય મુકેશભાઈ સોમાભાઈ ગામેતિની ઘરે ગયા બાદ તબિયત લથડતા સારવાર માટે ભિલોડા કોટેજ હોસ્પિટલમાં લેવાયો હતો જ્યા પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર અર્થે હિંમતનગર લઈ જવાયો હતો. જ્યા પણ તેની હાલત નાજુક જણાતાં ડોકટરોએ અમદાવાદ ખાતે લઈ જવા જણાવ્યું હતું પરંતુ પરિવારની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાના કારણે પરિવાર બાળકને અમદાવાદ લઈ જઈ શક્યું ન હતું અને પરત ભિલોડા લઈ આવ્યા હતા. જ્યા સારવાર દરમિયાન આજે સવારે બાળકનું મોત નીપજ્યું હતું.